### થાવર આર.ટી.ઓ.ની રહેમ નજર હેઠળ ડમ્પરચાલકો બેફામ

# ચોરા ગામ પાસે રીક્ષા-ડમ્પર વચ્ચે અકસ્માત સર્જાતા બેના મોત

### નગરજનો કાયદો હાથમાં લઇ ડમ્પરચાલકો અને આર.ટી.ઓ.ને પાઠ ભણાવે તો નવાઈ નહિ

ધાનેરામાં ડમ્પર ચાલકો બેફામ બની રોડ પર ચાલી રહ્યાં છે અને એક બાદ એક અકસ્માત સર્જી નિર્દોષ લોકોને ને મોત ને ઘાટ ઉતારી રહ્યા છે ત્યારે આજે ચોરા ગામ પાસે રીક્ષા અને ડમ્પર વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાતા બે લોકો ના મોત નિપજ્યા છે અન્ય એક વ્યક્તિ ને ગંભીર ઈજા થતા સારવાર અર્થે ધાનેરા ખસેડવામાં આવ્યો છે.

ધાનેરા વિસ્તાર માં થાવર આર ટી ઓ ની રહેમ નજર હેઠળ ડમ્પર ચાલકો અવરલોડ રેતી ભરી બેફામ ચાલી રહ્યાં છે વારંવાર ન્યુઝ પેપર તેમજ ન્યુઝ ચેનલ દ્વારા તંત્ર નું ધ્યાન પણ દોરવામાં આવી રહ્યું છે છતાં પણ તંત્ર ધ્વરા કોઈ પણ જાત ની કાર્યવાહી કરવામા નથી આવતી ત્યારે ડમ્પર ના ચાલકો બેફામ



બની ગયા છે અને બે દિવસ અગાઉ ધાનેરા તાલુકા ના કહિંમત ગામ પાર્ષદે ડમ્પર ગાડી ધ્વરા ડીઆઈ ગાડી ને ટક્કર માર્ટા ડીઆઈ માં બેઠેલા ત્રણ લોકો ના ઘટના સ્થળ ઉપર મોટ નિપજ્યા હતા હજુ તે વાત ની તો સહી પણ સુકાઈ નથી અને ફરી વાર ચોરા ગામ પાસે ડમ્પ અને રીક્ષા વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાતા બે લોકો ના મોટ નિપજ્યા છે તો અન્ય એક વ્યક્તિ ની હાલત ગંભીર જનતા ૧૦૮ દ્વારા સારવાર અર્થે ધાનેરા ખસેડવામાં આવ્યો છે.

થાવર આર ટી ઓ અધિકારી હપ્તા ની લાયમાં આવા ડમ્પર ચાલકો સામે પગલાં ન ભરતા હોવાની વાતે વેગ પકડ્યું છે ત્યારે હવે જો આર ટી ઓ ધ્વરા આવા ડમ્પર ચાલકો સામે પગલાં નહિ ભરે તો લોકો કાયદો હાથ માં લઈ ડમ્પર ચાલકો અને આર ટી ઓ ને પાઠ ભણાવે તો નવાઈ નહિ.

# પ્રાંતિજ નગરપાલિકા ચૂંટણી માટે ભાજપમાં ઉમેદવારોનો રાફડો ફાટ્યો

### ભાજપ દ્વારા પાલિકાની ચૂંટણી માટે ટીકીટ ઇચ્છુક ઉમેદવારોના સેન્સ લેવામાં આવ્યા

પ્રાંતિજ, તા. ૧૨

વિધાનસભાની ચૂંટણીની શાહી હજુ સુકાઈ નથીને નગરપાલિકાઓની ચૂંટણીઓને આડે હવે થોડાંક દિવસો બાકી છે. ત્યારે ભારતીય જનતા પાર્ટી દ્વારા પાલિકા માટેની તૈયારીઓ પુરજોશમાં ચાલું કરી છે. સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે ભારતીય જનતા પાર્ટી દ્વારા ટીકીટ ઈચ્છુક ઉમેદવારોના બાયોડેટા સાથે સેન્સ લેવામાં આવ્યાં હતા.

પ્રાંતિજ ખાતે નગરપાલિકાની ચુંટણીને લઇને ભારતીય જનતા પક્ષ દ્વારા પ્રાંતિજના કમાલપુર ખાતે આવેલ માર્કેટયાર્ડ ખાતે ટીકીટ ઈચ્છુક ઉમેદવારોના બાયોડેટા સાથે સેન્સ લેવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. જેમાં પાલિકાના એક, બે, ત્રણ, ચાર, અને છ વોર્ડ માટે એક-એક વોર્ડમાંથી પંદરથી વીસ ટીકીટ ઈચ્છુક ઉમેદવારોએ ટીકીટ મેળવવા પાર્ટીમાં બાયોડેટા સમર્થકો સાથે આપી ઉમેદવારી નોંધાવી છે. આ વર્ષે પક્ષ માટે સારા ઉમેદવારો તથા સારા કોર્પોરેટરોની પ્રસંગી કરવા માટે વિકટ સમસ્યા ઉભી થાય તો નવાઈ નહી. નગરપાલિકાના ચાલુ કોર્પોરેટરોમાંથી માત્ર પ્રમુખ સિવાય દરેક કોર્પોરેટરોએ પણ પોતે ટીકીટ ઈચ્છુકમાં ઉમેદવારી નોંધાવી છે તો છેલ્લાં પાંચ વર્ષથી ભાજપની ટીકીટ માટે બેસી રહેલ ઉમેદવારો પણ આ વર્ષે ટીકીટ લેવા માટે એડીચોંટીનું જોર લગાવવામાં પાછળ રહેવા માંગતા નથી. હાલ તો ભાજપ માટે આવનાર નગરપાલિકાની ચૂંટણીને લઈને ઉમેદવારો ફેઈસ કે રીપીટર તેની અટકળો વચ્ચે સેન્સ કમીટી દ્વારા ટીકીટ ઈચ્છુકો ઉમેદવારોએ પોતાના બાયોડેટા સાથે સેન્સ આપ્યા હતા. ત્યારે પાંચએ વોર્ડ માટે ૨૦ ઉમેદવારોની પ્રસંદગી કરવી એ પણ સેન્સ કમીટી માટે મુશ્કેલ સાબિત થાય તેમ કહીએ તો નવાઈ નહી.



વાંટડા ટોલ પ્લાઝા નજીક પદ્માવતી ફિલ્મને સેન્સરબોર્ડ દ્વારા રિલીઝ કરવાની મંજૂરી આપતા મહાકાલ સેના (ગુજરાત) દ્વારા શુક્રવારે જલદ કાર્યક્રમ અપાતા અમદાવાદ-ઉદેપુર નેશનલ હાઈવે.નં-૮ પર ટાયર અને અન્ય ચીજવસ્તુઓ સળગાવી ઉગ્ર વિરોધ કરતા સતત ટ્રાફિકથી ધમધમતા હાઈવે પર ભારે અફરાતફરી મચવાની સાથે પાંચ કિલોમીટરથી વધુ લાંબી વાહનોની કતાર જામી હતી અને ટ્રાફિકજામ થતા જિલ્લા પોલિસતંત્રના ધાડેધાડા ઉતરી પડ્યા હતા અને ટ્રાફિક પૂર્વરત કરાવવા કાર્યવાહી હાથ ધરી હતી. ટ્રાફિકમાં ફસાયેલા વાહનચાલકો અને મુસાફરો ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.

## તલોદમાં વહેપારીનો પીછો કરી પાકીટની લૂંટ કરી બે લુંટારૂ ફરાર

તલોદ, તા. ૧૨

તલોદ શહેરમાં આવેલ માર્કેટયાર્ડમાં કરિયાણાની દુકાન ધરાવતા વહેપારી મુકેશકુમાર ધરમચંદ શાહ તેમની દુકાન ગુરૂવારે સાંજે બંધ કરીને પોતાની એક્ટિવા ઉપર તેમના ઘરે જનતા સોસાયટીમાં જઈ રહ્યા હતા. ત્યારે એક્ટિવા ઉપર સવાર મુકેશભાઈ શાહનો બે લુંટારૂ ટોળકીના સાગરીતોએ પીછો કરી તેમના ખભે ભરાવેલ પાકીટ તફડાવી તેમને એક્ટિવા સાથે નીચે પાડી દઈ લુટારૂઓ પાકીટ ઝુંટવી ફરાર થઈ ગયા હતા. જે અંગે મુકેશ શાહે તલોદ પોલીસ દફતરે ફરીયાદ નોંધાવતા પોલીસે લુંટારૂ ગેંગને ઝડપી પાડવા તપાસના ચક્રો ગતિમાન કર્યા હોવાનું પોલીસે માહિતી આપતા જણાવ્યું હતું.

# મોડાસા ખાતે યોજાયેલ પતંગોત્સવમાં સ્થાનિક પદાધિકારીઓની બાદબાકી સામે રોષ

### જિલ્લા પંચાયત પ્રમુખ રાજેન્દ્ર પારઘીના તીવ્ર પ્રત્યાઘાત

મોડાસા, તા. ૧૨

મોડાસા ખાતે તા. ૧૨ જાન્યુઆરીના રોજ ગુજરાત પ્રવાસન નિગમ લી., જિલ્લા વહીવટીતંત્ર, અરવલ્લી તથા મોડાસા નગરપાલિકાના સંયુક્ત ઉપક્રમે આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ-૨૦૧૮ યોજવામાં આવેલ. જિલ્લા વહીવટીતંત્ર દ્વારા આ મહોત્સવ સંદર્ભે નિમંત્રક કાર્ડ બનાવવામાં આવેલ જેમાં જિલ્લાના ધારાસભ્ય અને જિલ્લા પંચાયતના પ્રમુખની બાદબાકી કરવામાં આવેલ પરંતુ બાયડના ધારાસભ્ય ધવલસિંહ ઝાલા દ્વારા વહીવટીતંત્રમાં આ સંદર્ભે રજુઆત કરતાં નવેસરથી નિમંત્રક કાર્ડ બનાવવામાં વહીવટીતંત્રને ફરજ પડેલ અને નવેસરથી નિમંત્રક કાર્ડ ઈસ્યુ કરવામાં આવેલ તેમાં પણ સામાન્ય વહીવટ વિભાગના પ્રોટોકોલ મુજબ તાલુકા પંચાયતના પ્રમુખને સામેલ કરવામાં આવેલ ન હતા જેની સામે જિલ્લા પંચાયત પ્રમુખ રાજેન્દ્ર પારઘી આક્રોશ વ્યક્ત કરેલ છે. રાજેન્દ્ર પારઘી દ્વારા જણાવવામાં આવેલ કે અરવલ્લી જિલ્લાના વહીવટીતંત્ર દ્વારા સામાન્ય વહીવટ વિભાગ દ્વારા પ્રોટોકોલની જે માર્ગદર્શિકા બહાર પાડવામાં આવેલ છે તેમાં જિલ્લા પંચાયતના પ્રમુખને રાજ્યકક્ષાના મંત્રી સમકક્ષ તેમજ તાલુકા પંચાયતના પ્રમુખ નાયબ મંત્રી સમકક્ષ પ્રોટોકોલ ધરાવે છે છતાં સ્થાનિક વહીવટીતંત્ર દ્વારા રાજકીય કિન્નાખોરી રાખવામાં આવે છે તે દુઃખદ બાબત છે અને હવે પછી જો જિલ્લામાં સરકારી કાર્યક્રમોમાં સરકારના પ્રોટોકોલ મુજબ વ્યવસ્થા ગોઠવવામાં નહિ આવે તો ઉચ્ચકક્ષાએ રજુઆત તેમજ કાદાકીય રાહે પગલાં લેવામાં આવશે.

વધુમાં રાજેન્દ્ર પારઘીએ જણાવેલ કે, અરવલ્લી જિલ્લામાં અત્યારે મહોત્સવ કે મેળાની જરૂરીયાત નથી. જિલ્લાને હાલમાં રસ્તાની મરામત, અંતરાય વિસ્તારમાં પીવાના પાણી અને સિંચાઈના પાણીની સુવિધા, સરકારી હોસ્પીટલમાં જરૂરી સુવિધા ઉપલબ્ધ કરવા તેમજ શાળાઓના ઓરડાઓની તાકીદે મરામત કરવા જિલ્લાને તાકીદે ગ્રાન્ટ ફાળવવી જોઈએ અને આવા ઉત્સવો તાકીદે બંધ કરવા જોઈએ અને ગ્રામીણ વિસ્તારમાં વિકાસની ગ્રાન્ટો લાંબા સમયથી આવી નથી તે તાકીદે ફાળવવી જોઈએ. તેમ એક અખબારી યાદીમાં જણાવે છે.




કર્ણાટકના રાજયપાલ વજુભાઈ વાળાએ અંબાજી મુકામે માતાજીના દર્શન કર્યા

કર્ણાટકના રાજયપાલશ્રી વજુભાઈ વાળાએ પ્રસિધ્ધ યાત્રાધામ અંબાજી મુકામે ભક્તિભાવપૂર્વક માતાજીના દર્શન અને પૂજા-અર્ચના કરી હતી. મિડીયા સાથેની મુલાકાતમાં રાજયપાલશ્રીએ જણાવ્યું કે અંબાજી તીર્થસ્થાન કરોડો માઈભક્તોની આસ્થા અને ભક્તિનું પવિત્ર યાત્રાધામ છે. તેમણે કહ્યું કે ભાદરવી મહામેળા પ્રસંગે ૩૦૦ કિ.મી.થી માઈભક્તો પદયાત્રા દ્વારા ચાલતા અંબાજી આવીને માતાજીના દર્શન કરી ધન્ય બને છે.

## થરાદમાંથી પિસ્તોલ પ્રકરણનો ત્રીજો શખસ ઝડપાયો

થરાદ, તા. ૧૨

થરાદના ચામુંડાનગર સોસાયટી નજીક ૨૪-૦૪-૨૦૧૭ના પોલીસે મયુર નાઈને પીસ?તોલ સાથે ઝડપી લીધો હતો.જેના રિમાન્ડ દરમિયાન વાવના ચાંદરવાના રમેશ ભુરાજી રાજપુત નું નામ ખુલ્યું હતું.જેણે આ પિસ્તોલ રમેશભાઈ ભભુતાજી વિશ્નોઈએ આપી હોવાનુ બહાર આવતાં પોલીસે તેના સુધી પહોંચવાના પ્રયાસો કર્યા હતા.જોકે તે નાસતો ફરતો હતો.



જીલ્લા મથક પાલનપુર ખાતે ભારતના યુગ પુરુષ અને યુવાનોના પ્રેરણા સ્ત્રોત સ્વામી વિવેકાનંદ ની ૧૫૫ મી જન્મ જયંતી પ્રસંગે દિલ્હીગેટ વિસ્તરમાં આવેલ સ્વામી વિવેકાનંદ ની પ્રતિમા ને ફુલહાર કરી પુષ્પાંજલી અર્પી હતી તેમજ સ્વામી વિવેકાનંદ અમર રહો, વંદે માતરમ, ભારત માતા કી જય જેવા સૂત્રો બોલાવી ધામધૂમ પૂર્વક ઉજવણી કરી હતી. આ પ્રસંગે સ્વામી વિવેકાનંદ કેન્દ્રના જીલ્લા કન્વીનર ગણપતભાઈ જોષી, નગરપાલિકા પ્રમુખ નીલમબેન જાની, શાસક પક્ષના નેતા હસમુખભાઈ પઢીયાર, શહેર ભાજપ પ્રમુખ મુન્નાલાલ ગુપ્તા, યુવા મોરચાના પ્રમુખ અશોક પટેલ, ભાજપ અગ્રણી રાણાભાઈ દેસાઈ, માધુભાઈ રાણા, ગૌરાંગ પાધ્યા સહિત નગરપાલિકાના સદસ્યો અને ભાજપ અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## પાલનપુર ખાતે દિવ્યાંગ બાળકોનો એસેસમેન્ટ કેમ્પ યોજાયો

પાલનપુર, તા. ૧૨

સર્વ શિક્ષા અભિયાન બનાસકાંઠા દ્વારા પાલનપુર અને અમીરગઢ તાલુકાના દિવ્યાંગ બાળકોનો એસેસમેન્ટ કેમ્પ શ્રી કે.મા.ચોક્સી પ્રા. શાળા પાલનપુર ખાતે યોજાયો હતો. જેમાં કુલ ૩૪૨ જેટલાં બાળકોનું એસેસમેન્ટ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે બી.આર.સી. કો-ઓર્ડીનેટર આનંદભાઈ મોદી, જિલ્લા આઈ.ઈ.ડી. કો-ઓર્ડીનેટર હરેશભાઈ પરીખ, ડૉ. કિરણ પવાર, ડૉ. મહીન યાદવ, ડૉ. વિકાસસિંગ તેમજ સી.આર.સી. કો-ઓર્ડીનેટર અને બ્લોક સ્ટાફ દ્વારા કાર્યક્રમને સફળ બનાવવામાં આવ્યો હતો.

### ધાનેરામાં યુવા પત્રકાર એસોસિએશન દ્વારા

# ગુજરાત રાજસ્થાન સરહદ પર આવેલી એડાલ ગામની પ્રાથમિક શાળામાં પતંગોસ્તવ યોજાયો

ધાનેરામાં યુવા પત્રકાર એશોશીયેશન ધ્વરા ગુજરાત રાજેસ્થાન સરહદ ઉપર આવેલી એડાલ ગામની પ્રાથમિક શાળામાં બાળકોને પતંગ દોરી તેમજ નાસ્તો આપી આખો દિવસ બાળકો સાથે ઉતરાયણ નું પર્વ મનાવ્યું હતુ ત્યારે શાળા પરિવાર તેમજ ગામના સરપંચે પણ આ કામગીરી બિરદાવી હતી.

ટૂંક જ સમય માં ઉતરાયણ નું પર્વ આવી રહી રહ્યું છે લોકો ખુબજ ઉત્સાહ સાથે ઉતરાયણ રાહ જોઈ રહ્યા છે ત્યારે વિવિધ શાળાઓમાં ઉતરાયણ પર્વ ની ઉજવણી થઇ રહી છે ત્યારે આજે ધાનેરા માં યુવા પત્રકાર એશોશીયેશન ધ્વરા ગુજરાત રાજેસ્થાન સરહદ ઉપર આવેલી એડાલ ગામની પ્રાથમિક શાળામાં માં ગયા હતા અને ત્યાં ધોરણ ૧ થી ૮ માં અભયાસ કરતા બાળકો



ને ઉતરાયણ પર્વ ની માહિતી આપી હતી અને બાળકો ને પતંગ દોરા આપી બાળકો સાથે ઉતરાયણ નું પર્વ મનાવ્યું હતું અને બાળકો ને પતંગ દોરી ની સાથે સાથે નાસ્તા માં જલેબી તેમજ ગાંઠિયા આપ્યા હતા બાળકો સાથે ઉતરાયણ પર્વ માનવતા બાળકોમાં પણ ભારે ખુશી ની લાગણી જોવા મળી હતી અને શાળા પરિવાર તેમજ સી આર સી રાકેશભાઈ મોદી અને બી આર સી ઈશ્વરભાઈ ગલચર યુવા પત્રકાર ટીમે કરેલી કામગીરી ને બિરદાવી હતી તેમનોઇ આભાર માન્યો હતો યુવા પત્રકાર ટિમ ધ્વરા શાળા ની મુલાકત લેતા પહેલા મનમાં અનેક સવાલ ઉઠ્યા હતા પરંતુ ત્યાં જઈ જોયું તો શાળાની સફાઈ બાળકોને આપેલા સંસ્કાર શિક્ષકો ની કામગીરી ખુબજ સારી જોવા મળી હતી અને બાળકો ને તેમજ શિક્ષકો ને મળી ખુબ આનંદ ની લાગણી અનુભવી હતી પતંગોત્સવ કાર્યક્રમ માં ધાનેરા બીઆરસી ઈશ્વરભાઈ ગલચર,,,,સીઆરસી રાકેશભાઈ મોદી શાળાનો શિક્ષક ગણ ગામના સરપંચ તેમજ મોટી સંખ્યા માં બાળકો અને વાલીઓએ હાજર રહી કાર્યક્રમ ને સફળ બનાવ્યો હતો.

## ધનસુરા તાલુકાની ૯ ગ્રામ પંચાયતોમાં ચૂંટણી યોજાશે

અરવલ્લી જિલ્લામાં ૬૮ ગ્રામ પંચાયતો મા ચૂંટણી નુ જાહેરનામુ પ્રસિદ્ધ સાથે ધનસુરા તાલુકાની ૯ ગ્રામ પંચાયતો મા પણ ચૂટણી યોજાશેતાલુકા મા રાજકીય ગરમાવો રાજ્ય ચૂંટણી આયોગે ગ્રામ પંચાયતો ની ચૂંટણી જાહેર કરી છે તેમા ધનસુરા તાલુકાની ૯ ગ્રામ પંચાયતો માં ચૂંટણી યોજાશે.

આ ચૂંટણી ઈવીએમ થી ચૂંટણી થશે ચૂંટણી મા વીવીપેટ નો ઉપયોગ થશે નહી જેનાથી ચૂંટણી જાહેરનામું પ્રસિધ્ધ કરાતા જિલ્લામાં આચારસંહિતા અમલમાં આવી ગઈ છે. વિધાનસભાની ચૂંટણી બાદ ગ્રામ પંચાયતો ની ચૂંટણી આવતા જિલ્લામાં રાજકીય ગરમાવો ૪ ફેબ્રુઆરી એ મતદાન અને ૬ ફેબ્રુઆરી એ મતગણતરી હાથ ધરાશે.

ધનસુરા તાલુકા મા તંત્ર ધ્વારા ચૂંટણીની તૈયારી ઓ શરુ કરી દેવામાં આવી છે મતદાન મથકોની યાદી તેમજ કર્મકેરીઓની યાદી સહિત ની કામગીરી શરુ કરી દીધી છે.

# પ્રાંતિજ ખાતે સ્વામી વિવેકાનંદની ૧૫૫ જન્મ જયંતિની ઉજવણી

### જાયન્ટ ગૃપ, વિશ્વ હિન્દુ પરિષદ તથા બજરંગ દળના સભ્યો અગ્રણીઓ ઉપસ્થિત

પ્રાંતિજ, તા. ૧૨

સાબરકાંઠાજિલ્લાનાં પ્રાંતિજ ખાતે સ્વામીવિવેકાનંદની જન્મ જયંતીની ઉજવણી કરવામાં આવી



હતી. જેમાં સ્વામીજી અમર રહોના નારા સાથે તેમણાં પ્રતિમાને ફૂલહાર પહેરાવવામાં આવ્યાં હતા.

પ્રાંતિજ નગરપાલિકા વિસ્તારમાં આવેલ ભાંખરીયા બસસ્ટેશન ખાતે આવેલ સ્વામીવિવેવાકાનંદની ૧૫૫ જન્મ જયંતી નિમિત્તે પ્રાંતિજ ખાતે જાયન્ટસ ફેડરેશન ઉ.સી ના પ્રમુખ વજેશભાઈ ભાવસાર, સાબરકાંઠા-અરવલ્લીના ધર્મચાર્ય માર્ગદર્શક મંડળના મહામંત્રી સુનીલદાસજી મહારાજ, જી.એસ. પટેલ, પસારાજા, નટુભાઈ બારોટ, અલ્પેશભાઈ રાવલ, મીનાબેન દવે, શમીષ્ઠાબેન ખમાર સહિત વિશ્વ હિન્દુ પરિષદ તથા બજરંગના સભ્યો સહિત નગરના અગ્રણીઓ તથા આગેવાનો ઉપસ્થિત રહી સ્વામીજી અમર રહો ના નારા સાથે ફૂલહાર પહેરાવીને ઉજવણી કરવામાં આવી હતી. પ્રાંતિજ ભાજપ યુવા મોરચાના યુવા પ્રમુખ કુશલ બ્રહ્મભટ્ટના માર્ગદર્શન હેઠળ પ્રાંતિજ નાની ભાગોળ પંખીઘરથી રેલીયોજી સ્વામિવિવેકાનંદ શોપીંગ સુધી રેલી યોજાઇ હતી. જેમાં ભાજપ આગેવાનો કાર્યકરો સ્વામીજીના બાવલાને ફૂલહાર પહેરાવીને ઉજવણી કરી હતી.